SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 16. ઉત્તર ગુજરાતની કહેવતો અને રૂઢિપ્રયોગો

*Dr. Nareshbhai Bachubhai Bhuriya*

"અમે ઉત્તર ગુર્જરવાસી,
અમે જ્ઞાન તેજના પ્યાસી."

-ચંદ્રવદન મહેતા

**૧ :પ્રસ્તાવના.**

કહેવતો એ કોઈ પણ લોકબોલીનું કિંમતી ઘરેણું છે .જગતની તમામ ભાષાઓમાં તેના માન પણ અને સ્થાન આગવાં છે .કહેવત એટલે લોકજીવનના અનુભવમાંથી ઘડાયેલી સૂત્રાત્મક લોકોક્તિ.

"કહેવત એટલે ડહાપણવાળા મનુષ્યોના વચનબાણ"

દુનિયાંની દરેક ભાષામાં વધારે ઓછી કહેવતો એટલે ઉખાણાં હોય છે, અને કહેવતોના અર્થ જૂદા જૂદા વિદ્વાનો અતે અનુભવી લેખકોએ જુદા જુદા કીધા છે તે છતાં તેમાંથી સામાન્ય અર્થ તો એકનો એક જ નિકળે છેકહેવત એટલે શું .? જવાબ એટલો જ છે કે પરંપરાથી લોકોમાં " કહેવાતાં બોધરૂપ, દષ્ટાંતરૂપ વાક્યો કે વચનો[1]."

આપણી ગુજરાતી ભાષા પણ અગણિત અને વિવિધ પ્રકારની બોલીરૂપી પહેરવેશવાળી કહેવતોથી સમૃદ્ધ છેએમાય ઉત્તર , આમ જોવા જઈએ તો લોકવાડમયનાં .બોલીમાં બોલાતી કહેવાતોનુંય આગવું સ્થાન હોવું ઘટે "પટ્ટણી" ગુજરાતની પ્રાદેશિક લોકબોલી એટલે કે અન્ય સ્વરૂપો જેવા કેલોકકથા વગેરેની તુલનાએ વધારે કઠિન છે કારણ કે અન્ય સ્વરૂપને પેઠે કહેવતો સરળતાથી યાદ આવતી ,લોકગીત , નથી કહેવતો માત્ર પ્રસંગ ઘટના કે અમુક પ્રસિદ્ધ અનુસંધાનમાં કે અમુક પરિષદના સંદર્ભે જ ભૂલાતું હોય છે એને યાદ કરવા બેસો તો એ ધારી પરિણામ ન મળે માહિતી દ઼ાતા ગમે તેટલો વિદ્વાન માણસ કેમ ન હોય તેથી જ કહેવતો ના સંશોધનોનું કાર્ય ખૂબ જ સમય માંગી લે તેવું છે[2].

**૨. કહેવતો સ્વરૂપગત વિભાવના:**

સીધી સાદી ભાષામાં રચાયેલી કહેવતો એ લોકો ભાગ મહીનો જીવંત સ્વરૂપ છે એમ પણ કહી શકાય કે કહેવતો વગરની પાછા કદાપી રસની ઘરેથી હોઈ શકે નહીં તેથી જ કદાચ રોજબરોજના જીવન વ્યવહારમાં આપણે કહેવતો સહજ રીતે પ્રયોજીએ છીએ સાદી ભાષામાં કહીએ તો આ કહેવતો આપણે વ્યવહાર ભાષાનું ચલણી નાણું બની ગયું છે કહો કે તે ભાષા વિભૂષણ છે.

વિશ્વ સમસ્તમાં આજે લોકવિદ્યાનાં અભ્યાસ તરફ સૌનું ધ્યાન ગયું છેઅલબત્ત લોકવિદ .઼્યા એ એવડું વિશાળ ક્ષેત્ર છે કે તેની અનેક શાખાઓમાં આંતર વિદ્યાશાખાકીય અભ્યાસની અનેક શક્યતાઓ રહેલી છેજેમાં લોકસંગીત ., લોકનૃત્ય, લોકસાહિત્ય, લોકકળા, લોકભરતગૂંથણ, લોકમાન્યતાઓ વગેરે લોકવિદ્યાનો વાણીનાં માધ્યમે રજૂ થતો અભિવ્યકત થતો પ્રકાર તે લોકસાહિત્ય છે જે પણ તેનાં વિશાળ અભ્યાસકીય ક્ષેત્રને કારણે તેમાં સંશોધનની અને અભ્યાસની અનેક શક્યતાઓને રહેલી છેઆજે જ્યારે આંતરવિદ્યાશાખાકીય માંગ છે ત્યારે . લોકસાહિત્યનાં અભ્યાસની પ્રસ્તૃતા વિશે પણ વિચારવા જેવું છે કારણ કે લોકસાહિત્યએ વિવિધ સંસ્કૃતિક અભ્યાસ, ઐતિહાસિક તથ્યો, નૃવંશશાસ્ત્ર, માનવવંશ ઉત્પતિની જાણકારી, ભાષા અને બોલી અભ્યાસની શક્યતાઓ, પુરાવસ્તુશાસ્ત્ર તેવા અનેક અભ્યાસની કડી અને ભાવિ શક્યતાની અસરને સ્વીકારે છેત્યારે મેં આ સશોધન સ્વાધ્યાય નિમિત્તે મારા સંશોધનપત્રનાં વિષય તરીકે ઉત્તર ગુજરાતનું . લોકસાહિત્ય એ વિષય ઉપર કામ કર્યુ છે.

---

[1] https://www.saralgujarati.in/2023/09/gujarati-kahevato.html

[2] ભરત ક. દવે "ઉત્તર ગુજરાતની કહેવતો", "ભાગ્ય મુદ્રા" ૧૫૮, GIDG-01, Highway, Mahesana-2

ઉત્તર ગુજરાત એ પૂર્વમાં સાબરકાંઠા તેની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ દેશ, પચ્છિમે પાકિસ્તાન અને દખ્ખણે અડાલજ, અમદાવાદનો સીમાવિસ્તાર ધરાવે છે તો બીજી રીતે જોવું હોય તો પચ્છિમે પાટણ જિલ્લાનાં સાંતલપુર થી લઈને પૂર્વમાં સાબરકાંઠાનાં શામળાજી, ધનસુરા, મોડાસા અને ઉત્તરે રાજસ્થાનનો મારવાડ પ્રદેશ ને દક્ષિણે મહેસાણા જિલ્લાનાં બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર, કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, ગાંધીનગર જેવા શહેરો આવેલા છેએટલે કે તેની એક તરફ રાજ્યની સીમા . પ એક તરફ દેશની સીમા ને બીજી બાજુ ભારતીય્રાદેશિક વિસ્તારની સાથે તેનો સાંસ્કૃતિક સંબંધ રહેલો છે-ઉત્તરગુજરાતમાં ધરણીધર . ઢીમાં અને શામળાજીનાં પ્રખ્યાત વૈષ્ણવ તીર્થો તો અંબાજી અને બહુચરાજી જેવી શકિતપીઠો આવેલી છે અરવલ્લી અને વિધ્યાંચલની પર્વતશૃંખલા જેસોર જેવા વન્ય અભ્યારણો તો તેની એક બાજુ કચ્છની નાના રણની કાંધીવિસ્તાર આવેલો છે પર્ણાશા, રુપેણ ને સરસ્વતી જેવી વિશ્વની એકમાત્ર અંતસ્થ નદીઓની વિરાસત પણ તેને મળેલી છેતો મોઢેરાનું વિશ્વ પ્રસિદ્ધ સૂર્યમંદિર ., વિશ્વ ઐતિહાસિક વારસામાં સ્થાન પામેલી પાટણની રાણકીવાવ, સિદ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનું કીર્તીતોરણ, કુભારિયા ને દેલવાડાનાં દેરા, તારંગાનાં નયનરમ્ય પર્વતો ને જૈનદેરાસર, વાવ તાલુકામાં પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલું નડેશ્વરી માતાજીનું મંદિર, વરાણાનું ખોડિયાર મંદિર અને તેનો પંદર દિવસનો લોકમેળો અને સિધ્ધપુરનો કાત્યોકનો લોકમેળો અને વિશ્વનું એકમાત્ર માતૃશ્રાધ્ધ અને તર્પણ તીર્થ એવું સિદ્ધપુરનું બિંદુસરોવર, ખેડબ્રહ્મા અને સાબરકાંઠાની આદિવાસી વસ્તી અને તેની લોકવિરાસત એમ અનેક વિવિધતાઓ આ વિસ્તાર ધરાવે છે .

**૩. ઉત્તર ગુજરાતની લોકકથાઓ:**

દરેક પ્રદેશનાં લોકસાહિત્યમાં લોકસાહિત્યનાં અન્ય પ્રકારની તુલનાએ લોકસાહિત્યનો સૌથી વધુજો કોઈ પ્રકાર સંશોધિત અને સંપાદિત થયો હોય તો તે છે લોકકથાઓ અને આ લોકકથાઓનાં વિશ્વકક્ષાએ પણ વધુ અભ્યાસો થયા છેગુજરાતનાં લોકસાહિત્યની વાત . કરીએ તો સૌથી વધુ લોકકથાઓનું સંપાદન,સંશોધન અને અભ્યાસ જો કોઈ પ્રદેશનાં સંદર્ભમાં થયો હોય તો તે છે સૌરાષ્ટ્ર એનું કારણ .એ પણ હોય શકે કે ત્યાં લોકસાહિત્યનાં અભ્યાસુઓની સંખ્યા કદાચ વધુ હોય એનો મતલબ આપણે એવો નથી કરવો કે સૌરાષ્ટ્રની તુલનાએ આવું લોકજીવન કે લોકસાંસ્કૃતિક વિરાસત ગુજરાતનાં અન્ય પ્રદેશમાં નથીનાં એવું નથી કારણ ત્યાગ ., વીરતા, બલિદાન, સમર્પણ, ન્યાય માટે થતા બહારવટિયા અથવા બહારવટા કે સંત, શૂરા, દાતા અને જતિ સતી, અન્ય સંદર્ભો કે તેવી કથાઓ કે ઘટનાઓ બધે જ બની છે પણ ઈતિહાસની એરણે કે કાળની ગર્તામાં એ બધુ ક્યાક સંગ્રહાયું છે કે કંઠે ટક્યું છે પણ તેને કોઈ નિષ્ઠાવાન સંશોધક કે અભ્યાસું કે લોકસાહિત્ય, લોકવિદ્યાનો જાણતલ, મર્મી અને કસબીનાં હાથે તે પડ્યું નથી અથવા તેવા પ્રયત્નો ઓછા થયા છેકહેવાનો આશય એ છે કે દરેક પ્રદેશ ., ભુભાગ કે તળપ્રદેશ તેનો ભવ્ય અને રમ્ય એવો લોકસાહિત્યિક વારસો ધરાવે છે તેવી જ રીતે એક સમયે ૧૦૦૦ વર્ષ સુધી જે પ્રદેશે ગુજરાત સમગ્ર ઉપર શાસન કર્યુ હોય, ગુજરાતની વધુ સમયની રાજધાની જે પ્રદેશે આપી હોય અને અનેક સ્થાપત્યો, સ્મારકો, વીરતા ને ત્યાગ બલિદાનની કથાઓનાં ઉદાર ચરિત્રો બને તેવા રાજવીઓ, નરપટાધરો અને સામાન્ય માનવીની ત્યાગ, વીરતા, બલિદાન, સમર્પણ, ન્યાય માટે થતા બલિદાન કે બહારવટિયાની કથાઓ આ પ્રદેશમાં પડી છેજેને મૂલ્ય અને . નૈતિકતાની સ્થાપનાનું કામ કર્યુ છેજેની કેટલીક મહત્વની . લોકકથાની નામ યાદી આ સંદર્ભે હું આપીશ જેમાં પારકી નાત અને એમાંય પણ વેપારી જાત એવા વાણિયાનાં સંઘની રક્ષા માટે શહીદ થનાર વીર અર્જુનસિંહ કે પટેલ જેવી ખેતી અને મહેનત માટે પંકાયેલી રુજુ અને સંયમી કોમ પાટીદારની વીરતાને નવાજતી જવામર્દ જીવો, બાળચંદની કે જેણે પોતાને મારવા આવેલા ઠાકોરોમાંથી સાતનાં તલવારથી ધડ કાપીને અલગ કર્યા તે કથા, આજે પણ લાડોલ ગામમાં લોકો તેને યાદ કરીને કૃતકૃત્ય થાય છેતો તેવી જ બીજી કથાઓ જેવી કે પારકી છઠ્ઠીનાં જાગતલ ., ડંખીલો દાદભા, મંગળાભાની મરદાનગી, વીર વાસીયાદાદા, વીર વાછડોદાદો, ભડવીર ભીમોજી, કુંવર અળવીલો ,રાજા અને ગઢવીની શરત, દુદોને દુદણસી, રાણો રાજપુત, અમરસંગ આખલીવાળા, કોના નસીબનું ફળ, રોટલાનું પુન, કાળજું, પતિ કોણ, ચાર ભાઈબંધો, તલ કાળા તલ ધોળા, નાગ અને વેઢ, દીપા ઝાંપડીની વાત, ભલો અને ભૂંડો જેવી સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા વિસ્તારની લોકકથાઓ છે.

**૪. ઉત્તર ગુજરાતનાં લોકગીતો:**

જેવી રીતે લોક સાહિત્યમાં વ્યાપ ને વિવિધતામાં લોકકથા મહત્વનો પ્રકાર છે તેવો જ બીજો તેનો મહત્વનો પ્રકાર લોકગીત છે[3] . ગુજરાતનાં લોકસાહિત્યમાં લોકગીતોનાં સંશોધનો અને સંપાદનો પણ વિશેષ પ્રમાણમાં થયા છે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છનાં દક્ષિણ ગુજરાતનાં લોકગીતોઆજે તો લોકસાહિત્યનાં અભ્યાસનો વ્યાપ અને વિસ્તાર એટલો બધો વધ્યો છે કે પ્રદેશ વિશેષનાં લોકગીતોનાં .

[3] https://prayas.ind.in/%E0%AA%B2%E0%AB%87%E0%AA%96-%E0%AB%AB-%E0%AA%B2%E0%AB%8B%E0%AA%95%E0%AA%B8%E0%AA%BE%E0%AA%B9%E0%AA%BF%E0%AA%A4%E0%AB%8D%E0%AA%AF%E0%AA%A8%E0%AA%BE-%E0%AA%B8%E0%AB%8D%E0%AA%B5%E0%AA%B0%E0%AB%82/

સંપાદનો તો ઘણાબધા મળે પણ હવે સમાજ વિશેષનાં, કોમ વિશેષનાં, જાતિ વિશેષનાં લોકગીતોનાં સંપાદનો પણ મળવા લાગ્યા છે જે આ ક્ષેત્રની ઉજળી બાબત છેઆપણે આગળ લોકકથામાં જોયું તેમ લોકગીતનાં સંપાદનોની બાબતમાં પણ સૌરાષ્ટ્રની તુલનાએ ઓછા સંપાદનો . ઉત્તર ગુજરાતમાંથી મળ્યા છે પણ લોકગીતની અણમૂલી વિરાસત ઉત્તર ગુજરાતમાં પણ છે જેમાંથી મારી દ્રષ્ટિએમહત્વનાં લોકગીતોની પંકિત ઉલ્લેખ જ હું અંહિયા કરીશ

ક્યિા તે ગામનો વાસી,સોનાજી
ક્યિા તે ગામનો વાસી રે લોલ
પેંપળું ગામનો વાસી, સોનાજી[1]

તો કેટલાંક પાઠાતંરભેદે એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ગીતો પહોંચ્યા હોય તેવા ગીતો પણ ઉત્તર ગુજરાતમાં છેત નીચેનું ગીત .દા . આ ગીત સૌરાષ્ટ્રનાં ગીત .સૌરાષ્ટ્રમાં પણ મળે છે જેનો રાગ અને મતલબથી એકસરખા લાગે છે તે"સવા બશેરનું મારું દાતૈડું રે લોલ" જેવું જ ગીત છે.

પિયાની ગજવેલ લીધી બાબુડા સેલ,
પિયાની ગજવેલ લીધી રે લાલ

તો સૌરાષ્ટ્રમાં ગવાતું આ લોકગીત ફક્ત શબ્દફેરે એ જ પીડા અને વેધકતા સાથે ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠામાં 'કાનુડો' જે જન્માષ્ટમીનાં તહેવાર નિમિત્તે ગવાય છે[4] .'વહુ એ વગોવ્યા મોટા ખોરડા'ની આવૃત્તિ જેવું છે.

ઊંચી રબારણ ઊજળી,
એને ખંભે તે શેળું હીરનું
માથે બેડલિયું દૂધનું

જેમાં રબારણ જ્ઞાતિ વિશેષ નારી નામે સુખ દુખની વેદના, કાનભંભેરણી અને પછી સબંધોની હારમાળા અને અંતે નિસહાય વેદના જે એ વિસ્તારની કહાની બયાન કરે છેતો મણિયારાનું ગીત ., મીર ખાનજીના કાગળ, જેરિયા રમે જેરિયા વગેરે લોકગીતો અને તે સિવાય અઢળક લોકગીતો આ વિસ્તારનાં લોકસાહિત્યનાં ખજાને લોકસાહિત્યનાં અભ્યાસુ, મર્મી અને સંશોધકોની રાહ જોઈને બેઠા છે.

**૬. ઉત્તર ગુજરાતનાં લોક સાહિત્યકારો:**

ગુજરાતનાં લોકસાહિત્યનાં અભ્યાસમાં ઉત્તરગુજરાતનાં લોકસાહિત્યનાં અભ્યાસીઓન◌ું◌ં કામ વિશ્વકક્ષાએ પહોંચ્યું છે જેમનાં કામની નોંધ ભવિષ્યમાં પણ લોકસાહિત્યનાં અભ્યાસીઓને માર્ગદર્શન અને સીમા ચિહ્નરુપ બનશે તેવા પાયાનાં લોકવિદ્ શાંતિભાઈ આચાર્ય, કનુભાઈ જાની, મફત રણેલાકર, પ્રેમજીભાઈ પટેલ, ડૉભગવાનદાસ પટેલ., ડૉ અમૃત પટેલ અને જેનાં આ સમયે .કામો છે પણ નામો નથી તેવા અનેક લોકો આજે આ ક્ષેત્રે તેમનું કામ મહત્વનું છે.

**૭ :ઉત્તર ગુજરાતની કહેવતો .**

૧. અખણ જાય, દખણ જાય પણ લખણ ન જાય = વ્યક્તિનો સ્વભાવ સરળતાથી પરિવર્તન પામતો નથી.

૨. અગ્નિ આગળ ઘી આંગળ્યા વિના ન રહે = સ્ત્રી પુરુષના સંયોગમાં જાતીય વિકાર જાગ્યા વિના ન રહે.

૩. અક્કલ વિનાનો આંધળો, પૈસા વિનાનો પાંગળો = બુદ્ધિ ધન વિનાનો વ્યક્તિ દુર્બળ પુરવાર થાય છે.

૪. અક્કલમાં કોઈ અધૂરો નહીં ને દ્રવ્યમાં કોઈ પૂરો નહીં = સો પોતપોતાનો કક્કો સાચો ઠેરવે.

૫. અજાણ્યાને રોટી દેવી પણ બેટી ન દેવી = અજાણી વ્યક્તિ સાથે માનવીય વ્યવહાર કરવો પણ સામાજિક વ્યવહાર ન કરવો.

૬. અજાણ્યોને આંધળો બેઉ સરખા = અજ્ઞાનતા એ અંધાપા સરખો અભિશાપ છે.

૭. અજાણ્યો બ્રાહ્મણ બમણું ઘી હોમે = આવડત વગરની વ્યક્તિ હંમેશા નુકસાન કરાવો.

૮. અટક પારેખની ને જાત હજામની = બહારથી ભપકાદાર પણ અંદરથી ખોખલું હોય તેવું.

[4] "Sahitya Setu", ISSN:2249-2372, Year-11, Issue 1, Continuous Issue 61, January-February 2021

A Peer Reviewed Literary e-journal

૯. વણબોલાવે બોલે તે તણખલાને તોલે = સ્વમાનના ભોગે બાંધેલા સંબંધની કોઈ કિંમત નથી અર્થાત એવો સંબંધ હાનિકારક થઈ પડે.

૧૦. અણી ચૂક્યો આયખુ મરે = મળેલી તક ગુમાવ્યાનો અફસોસ જિંદગી પર સતાવ્યા કરે.

૧૨. અતિની ગતિ નહીં = કોઈ પણ બાબતમાં વધારે પડતું પ્રમાણ નુકસાન કરતા નિવડે છે.

૧૩. અંતરના છાંટણાં હોય, એના ફુવારા ન હોય = આવશ્યકતા પ્રમાણે ને સંયમથી જ વસ્તુ વપરાય.

૧૪. અન્ન તેવું તેઓ ઓડકાર = સહકાર પ્રમાણેનું વર્તન.

૧૫. અધમણ ખાઈને ઊંધું ઊંઘે = અત્યંત ખાઉધરા અને આળસુ માણસ પરનો કટાક્ષ.

૧૬. અલા ગઈ ને બલા આવી = એક દુ:ખમાંથી ઉઘરી જઈએ અને બીજું દુ:ખ આવી પડે.

૧૭. અન્નને દાંતને વેર = અત્યંત ગરીબાઈ.

૧૮. આ પાર કે પેલે પાર = સમસ્યાનું નિરાકરણ લાવી દેવું તે.

૧૯. આંકડે મધ ને માખીઓ વગરનું = સરળતાથી વસ્તુ પ્રાપ્તિની ઈચ્છા રાખવી હતી.

૨૦. આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં = જાત મહેનત જિંદાબાદ અર્થાત મહેનતથી જ વ્યક્તિ જાત પોતાના વિકાસ સાથે શકે છે.

૨૧. હોળીનું નાળિયેર કોણ ઝાલે = કોઈ વિશેષ કાર્યની જવાબદારી માથે લેવા કોઈ તૈયાર ન થાય તેવો સંજોગ.

૨૨. હોળી મારવાડની ને દિવાળી ગુજરાતની = હોળી એ રાજસ્થાનનો અને દિવાળી એ ગુજરાતનો અતિ પ્રિય અને ખ્યાત તહેવાર છે.

૨૩. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા = વ્યક્તિનું  આરોગ્ય સારું હોય તો ગમે તેટલા કાર્યો થઈ શકે.

૨૪. હૈયે હોય પણ હોઠે ન આવે = વિસ્મરણ થયેલી બાબતનો પ્રયત્ન કરવા છતાં સ્મરણ ન થાય તે.

૨૫. હિંમત એ મર્દા તો મદદે ખુદા = વ્યક્તિ પોતે સાહસિક હોય તો ઈશ્વર કૃપા સાથે છે.

૨૬. હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા = બીજી વ્યક્તિ પોતાનું કામ સાવ બગાડે તેના કરતાં તે કામ જાતે કરી લેવું વધારે સારું.

૨૭. હજાર કામ મૂકીને ના'વું ને સૌ કામ મૂકીને ખાવું = કેટલીક અતિઆવશ્યક દિનચર્યાને જીવનમાં વિશેષ મહત્વ આપવું પડે છે.

૨૮. હરામી ભેંશને ગળે ડેરો = નિરંકુશને અંકુશમાં અંકુશમાં લેવા માટે કોઈને કોઈ ઉપાય કરવો ઘટે.

૨૯. હાથના કર્યા હૈયે વાગ્યા = પોતે કરેલી ભુલોનું પોતે જ પરીણામ ભોગવવું પડે.

૩૦. સોળે શાન અને વીસે = લોકમાન્યતા પ્રમાણે સોળ વર્ષની વયે બુદ્ધિની પરિપક્વતા આવે છે અને વીસ વર્ષની વયે શરીરમાં રૂપ-રંગ ગોઠવાઈ જાય છે, પછી તેમાં કોઈ વિશેષ ફેરફાર થતો નથી.

૩૧. સોળે સરાધ, નવ નોરતાં ને વીસે દિવાળી = વાર-તહેવારને યાદ રાખવા માટે ગોઠવાયેલી પ્રસ્તુત કહેવતનો ધ્વની વાચ્યાર્થ સ્વયં સ્પષ્ટ છે.

૩૨. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય = મોટું સંકટ આવી પડે ત્યારે તેનો ઉપાય શોધવા ન બેસાય.

૩૩. અંધારે ગોળ ખાઈએ તો એ ગળ્યો લાગે અને અજવાળે ખાઈએ તો એ ગળ્યો લાગે સારા = કાર્યનું પરિણામ હર હંમેશ સારું જ હોય.

૩૪. આજે અમીરને કાલે ફકીર = સુખ દુ:ખ વારાફરતી આવ્યા કરે.

૩૫. આવતી લક્ષ્મી વધાવી લેવી સારી = સારુ કાર્ય કરવામાં રાહ ન જોતા ઝડપથી પૂરું કરી દેવા તે.

૩૬. આવી હોળીને પરવાર્યા કોળી = જ્ઞાતીગત પ્રકૃતિનો નિર્દેશ કે તે પરનો કટાક્ષ.

૩૬. આંખ આડા કાન = જાણી જોઈને નજર સમક્ષ ખોટું કાર્ય થવા દેવું તે.

૩૭. ઈદ પછી રોજા = સુખ પછી દુ:ખ આવે.

૩૮. ઉકરડા ખોદતાં ગાભા જ નીકળે = અયોગ્ય કે ખરાબ વ્યક્તિ માટે કરાયેલા ભલા કાર્યનું ફળ પણ ખરાબ જ મળે.

૩૯. ઉકરડાને વધતા વાર નહીં = ખોટી વાત ઝડપથી પ્રસરે.

૪૦. ઉતરાણ આવે ઢુકડી ને ગોરાણીને ભાવે સુખડી = ચાલતી ગાડી ચડી જવું તે.

૪૧. ઉગતા ને સૌ પૂજે = વ્યક્તિના સારા અને સુખના દિવસમાં સૌ સાથ આપે.

૪૨. ઉજળું એટલું દૂધ નહીં = વ્યક્તિના કે વસ્તુના બાહ્ય દેખાવ પરથી તેની સાચી કિંમત આપી શકાતી નથી.
૪૩. એક ગોટલીને સો રોટલી = યોગ્ય કરકસર કરીને સારો ફાયદો મેળવી શકાય.
૪૪. એક ઘા ને બે કટકા = કોઈપણ બાબતમાં ઝડપ થી લઈ લેવો કે ઉકેલ લાવી દેવો તે.
૪૫. એક તરફ કૂવો ને બીજી તરફ હવાડો = બંને તરફથી નુકસાન કરાવે એવી કઠિન પરિસ્થિતિ.
૪૬. એક પંથ દો કાજ = એક જ વસ્તુનો ઉપયોગ કરી બે કાર્યો બહાર પાડવા.
૪૭. એક માતા સો શિક્ષકની ગરજ સારે = કોઈ વિશેષ તા ધરાવતી વ્યક્તિ જે તે કાર્યને સરળ અને સફળ રીતે પૂર્ણ કરે છે.
૪૮. એક માળાના મણકા = એક સરખી પ્રકૃતિ ધરાવતી કેટલીક વ્યક્તિ.
૪૯. એક સાંધો ત્યાં તેર તૂટે = એક મુશ્કેલી નિવારો ત્યાં બીજી અનેક મુશ્કેલીઓ આવી પડે.
૫૦. ઓકી દાતણ જે કરે, નરણાં હરડે ખાય; દૂધે વાળું જે કરે, તે ઘર વેદ ન જાય = કહેવતનો ધ્વનિ વાચ્યાર્થમાં સ્વયંસ્પષ્ટ છે.
૫૧. ઓહણ આવે તે હથિયાર = ખરે તાકડે કામ લાગે એ જ મહત્વ અપાય.
૫૨. ઓળખાણ તે સોનાની ખાણ = ઓળખાણ ઘણા ફાયદા થવાથી આપે છે.
૫૩. કરવા ગઈ કંસારને થઈ ગઈ થૂલી = સારું કામ સફળ થવાને બદલે નિષ્ફળ બને.
૫૪. કરે સેવા તો પામે મેંવા = સેવાનું પરિણામ સારું આવે છે.
૫૫. કંચનને કાંટ નહીં = સાચને કદી સાંજ આવતી નથી.
૫૬. કાગડા બધે કાળા = દરેક જગ્યાએ એક સરખી પરિસ્થિતિ હોવી તે.
૫૭. કાગડાને શ્રાધ્ય ભલું = સહું પોત પોતાના સ્વાર્થનો વિચારે.
૫૮. કીડીને કોણ ને હાથીને મણ = જેવી જેની જરૂરિયાત.
૫૯. કુતરાની પૂંછડી ભોઈમાં દાટો તોય વાંકીને વાંકી = જન્મજાત પ્રકૃતિ ફેરફાર ન પામે.
૬૦. ખાટલેથી પાટલી ને પાટલેથી ખાટલે = અતિશય માનસન્માન આપવા.
૬૧. ખાડો ખોડે ખોદે તે પડે = બીજાનું ખરાબ કરનારનું જ ખરાબ થાય છે.
૬૨. ખાતા ખૂટે પહેરતા તૂટે = દરેક બાબતને કોઈને કોઈ ચોક્કસ મર્યાદા હોય છે.
૬૩. ખુદા મહેરબાન તો ગધા પહેલવાન = જો ઈશ્વર કૃપા હોય તો વ્યક્તિમાં આપોઆપ બધી લાયકાત આવી જાય છે.
૬૪. ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે = કામ કઢાવવા માટે અયોગ્ય વ્યક્તિને પણ માન આપવું પડે છે.
૬૫. ગજા વગરની ગધેડી ને ત્રણ મણનો બોજ = તાકાત બહારનું કામ કરવું તે.

### ૮. રૂઢિપ્રયોગ અને વ્યાખ્યા:

**રૂઢિપ્રયોગ** એવી અભિવ્યકિત, શબ્દ અથવા શબ્દ સમૂહ છે જે તેમાં રહેલા શબ્દના શાબ્દિક અર્થ અથવા તેની શાબ્દિક વ્યાખ્યા કરતાં અલગ અને સામાન્ય વપરાશના સંદર્ભમાં અલંકારિક અર્થ ધરાવે છે. એક અંદાજ મુજબ અમેરિકન અંગ્રેજીમાં લગભગ ૨૫,૦૦૦ જેટલા રૂઢિપ્રયોગિક અભિવ્યક્તિ છે.

ભાષાવિજ્ઞાનમાં રૂઢિપ્રયોગોને સામાન્ય રીતે વાકયરચનાના સિદ્ધાંતો સાથે વિરોધાભાસ ધરાવતા અલંકાર તરીકે માનવામાં આવે છે, જો કે આ માન્યતા પણ ચર્ચાસ્પદ રહી છે. જહોન સઇદે "રૂઢિપ્રયોગ"ને એવા શબ્દસમૂહ તરીકે વ્યાખ્યાયિત કર્યો છે જેમાં શબ્દો એકબીજા સાથે ત્યાં સુધી જોડાયેલા રહે છે જયાં સુધી તેનું રૂપાંતરણ થઇને એક નિશ્ચિત અર્થ તેની સાથે ન જોડાય. આ શબ્દસમૂહ - સામાન્ય રીતે સાથે ઉપયોગમાં લેવામાં આવતા શબ્દોનો સમૂહ - શબ્દ સમૂહમાં રહેલા દરેક શબ્દને પુનઃવ્યાખ્યાયિત કરીને *રૂઢિપ્રાયોગિક અભિવ્યકિત* બને છે. આ શબ્દો *રૂઢિપ્રયોગ* તરીકે પોતાનો આગવો અર્થ ઊભો કરે છે. વધુમાં રૂઢિપ્રયોગ એવી અભિવ્યકિત, શબ્દ કે શબ્દસમૂહ છે જેનો અર્થ તેમાં રહેલા શબ્દોના શાબ્દિક અર્થથી અલગ હોય છે. જયારે બોલનાર વ્યકિત રૂઢિપ્રયોગનો ઊપયોગ કરે છે ત્યારે સાંભળનાર વ્યકિતને તે અલંકારનું પહેલેથી જ્ઞાન ન હોય તો તે ભૂલથી તે શબ્દોના શાબ્દિક અર્થ સમજણમાં લે તેવી શકયતા છે. સામાન્ય રીતે રૂઢિપ્રયોગોનું યોગ્ય રીતે ભાષાંતર થઇ શકતું નથી, કેટલાક કિસ્સાઓમાં રૂઢિપ્રયોગોનું અન્ય ભાષામાં ભાષાંતર કરવામાં આવે ત્યારે અર્થ બદલાઇ જાય છે અથવા તો તે ગેરમાર્ગે દોરનારું બની જાય છે.

૯. રૂઢિપ્રયોગ:

વધુમાં રૂઢિપ્રયોગ એવી અભિવ્યકિત, શબ્દ કે શબ્દસમૂહ છે જેનો અર્થ તેમાં રહેલા શબ્દોના શાબ્દિક અર્થથી અલગ હોય છે. જયારે બોલનાર વ્યકિત રૂઢિપ્રયોગનો ઊપયોગ કરે છે ત્યારે સાંભળનાર વ્યકિતને તે અલંકારનું પહેલેથી જ્ઞાન ન હોય તો તે ભૂલથી તે શબ્દોના શાબ્દિક અર્થ સમજણમાં લે તેવી શકયતા છે. "કોઈ શબ્દ કે શબ્દસમૂહ તેના મૂળ અર્થને બદલે તેના વિશિષ્ટ કે લાક્ષણિક અર્થમાં વપરાતાં રૂઢ થઈ ગયો હોય છે. આને **રૂઢપ્રયોગ** કે **રૂઢિપ્રયોગ** કહે છે[5]."

- ખો ભૂલી જવી – જિંદગીભર યાદ રહે તેવો પાઠ શીખવો
- કાળાંધોળાં કરવાં – ખરાબ કામ કરવાં
- છાતી ફાટી જવી – અપાર શોક થવો
- જીવ તાળવે રંગાઈ રહેવો – ચિંતાભરી સ્થિતિમાં મુકાવું
- પેટનો ખાડો પૂરવો – ભૂખ સંતોષવી
- માથું કોરાણે મૂકવું – જીવનું જોખમ ખેડવું
- હાથ કાળા કરવા – કલંક લગાડનારું કામ કરવું
- ઝાટકણી કાઢવી – સખત શબ્દોમાં ઠપકો આપવો
- દયા ખાવી – અશક્ત કે નિર્બળ પ્રત્યે લાગણી થવી
- માયા લાગવી – મમતા બંધાવી, લાગણીનો સંબંધ થવો
- આત્મા ડંખવો – હ્રદય ખૂબ દુ:ખી થવું
- ફજેતી થવી – બદનામી થવી, આબરૂનો ધજાગરો થવો
- મિજાજ ગુમાવવો – મગજનું સંતુલન ખોઈ બેસવું, ખૂબ ગુસ્સે થવું
- ચીતરી ચડવી – સૂગ થવી, મનને પસંદ ન પડવું
- ચસકો લાગવો – ખોટે રવાડે ચઢવું, ટેવને અધીન થઈ વર્તવું
- હાથા થવું – સાધન કે નિમિત્ત બનવું
- કાન નહીં દેવા – ધ્યાન ન આપવું
- રાખ વળી જવી – ભુલાઈ જવું
- મેથીપાક મળવો – માર ખાવો
- વટ હોવો – રોફ, દમામ હોવો
- હજમ કરવું – પચાવી પાડવું
- નખરાં કરવાં – નાટક કરવું, લટકાં કરવાં
- કમાલ કરવી – અન્યને નવાઈ પમાડે એવું પરાક્રમ કરવું નાખી
- જગ ખારું લાગવું – સંસારનું સુખ અપ્રિય લાગવું
- મન ઊઠી જવું – કોઈ વસ્તુમાં રસ ન રહેવો
- કીર્તિ પ્રસરવી – ખ્યાતિ કે નામના મળવી
- ટાઢો શેરડો પડવો – હ્રદયને આઘાત લાગવો, ધ્રાસકો લાગવો
- અભરે ભરાવું – સમૃદ્ધ થવું (હોવું)
- રગરગમાં વ્યાપી જવું – આખા શરીરમાં ફેલાઈ જવું
- તિલાંજલિ આપવી – છોડી દેવું, રૂખસદ આપવી

[5]https://www.google.com/search?sca_esv=459ab42875fa5ad6&rlz=1C1GIGM_enIN600IN600&q=%E0%AA%B0%E0%AB%82%E0%AA%A2%E0%AA%BF%E0%AA%AA%E0%AB%8D%E0%AA%B0%E0%AA%AF%E0%AB%8B%E0%AA%97+%E0%AA%A8%E0%AB%8B+%E0%AA%85%E0%AA%B0%E0%AB%8D%E0%AA%A5+%E0%AA%86%E0%AA%AA%E0%AB%8B+%E0%AA%85%E0%AA%A8%E0%AB%87+%E0%AA%B5%E0%AA%BE%E0%AA%95%E0%AB%8D%E0%AA%AF&sa=X&ved=2ahUKEwiw_fefhIOKAxUhcmwGHbY4CxQQ1QJ6BAgqEAE

- જીવ ચગડોળે ચડવો –વિચારોની ગડમથલ ચાલવી
- ઢંઢેરો પિટાવવો – છાની વાત જાહેર કરવી, ફજેતી કરવી
- હોળી કરવી – સળગાવી મારવું, નાશ કરવો
- પેટ ભરીને વાતો કરવી – ખુલ્લા, મોકળા મને વાતો કરવી
- ધોખો લાગવો – ખોટું લાગવું, માઠું લાગવું
- લવારો કરવો – કશા અર્થ કે સંદર્ભ વિના બકવાટ
- મોટા પેટના હોવું – ઉદાર મનના હોવું
- અવળું મોઢું કરવું – સામે જોવાનું બંધ કરવું
- ખોટ પૂરી કરવી – ભીડ ભાંગવી, આવી પડેલી મુશ્કેલી ચઢવું દૂર કરવી
- આંખ ઝીણી થવી – કંઈ સમજમાં ન આવતાં વિચારે
- મગજ ભમવા લાગવું – વ્યગ્રચિત્ત થઈ જવું, બુદ્ધિ ઠેકાણે ન રહેવી
- ભભૂકી ઊઠવું – ગુસ્સામાં ગમે તેમ બોલવું
- વા સાથે વઢવું – ગમે તેની જોડે લડી પડવું
- આંખો ઠરવી – સંતોષ મળવો
- આંખ મળી જવી – થાક કે ચિંતાને કારણે મોડે મોડે નિદ્રા આવવી . ગયા .
- ભસ્મીભૂત કરવું –બાળીને નષ્ટ કરી નાખવું

**૧૦.. સમીક્ષા:**

ગુજરાતમાં લોકસાહિત્યના અધ્યયનની દિશામાં જ ઘણું બધું કામ ગુજરાત રાજ્યની સ્થાપના કરવાથી થતું રહ્યું છે લોક ભૂલીમાં રચાયેલા સાહિત્ય પર કોઈ એક વ્યક્તિનો અધિકાર નથી હોતો એ સમય સમાજને સંસ્કૃતિ ગણાય છે ગુજરાતી ભાષામાં ઘણી ઉગતીઓ લોક મૂકે તેના મૂળ ખેતીપિતામાં ન વપરાતા વિશિષ્ટ અર્થમાં વપરાય છે પરંપરાથી પ્રચલિત બનેલા તળપદા શબ્દોમાં કહેવાથી આ લોકૃતિ કહેવત ના નામે ઓળખાય છે કહેવત એટલે દ્રષ્ટાંત કે સમર્થન રૂપે વપરાતી અનુભવના કરી પાક સમિતિ ચરણે બનેલી સ્વતંત્ર ગુજરાત કહેવતો અને રુથીપ્રયોગો લોકજીવનમાં અનુભવમાં સ્થાનરૂપ હોય છે તેની ભાષા સાથે પણ તેને સારી સરળ અને સંક્ષિપ્ત હોય છે અનુભવના નિચોડરૂપ સંક્ષિપ્ત દ્રષ્ટાંત પ્રત્યે સુરક્ષાત્મક ઉપયોગ ગમતા થી તેમજ સચોટ પણે વ્યક્ત કરવા માટે વપરાય છે.

❖ સંદર્ભસાહિત્ય:


- બનાસકાંઠાનાં લોકસંસ્કાર અને લોકવાણીદવે .જયંતીલાલ સો :
- ગુજરાતનાં લગ્નગીતોવિનાયક રાવલ .સંપા :
- રુપેણકાંઠાના શૂરવીરોમફત રણેલાકર :
- ચૌદ લોકપ્રેમજી પટેલ :
- લોકગુર્જરીઅંક :, છવ્વીસ, ઓગણત્રીસ, તેત્રીસ, છત્રીસ, આડત્રીસ
- પીર પ્રબંધભક્ત કવિ કેશાજી કૃત :
- કાલેલકર“ ,જીવનભારતી ,”અમદાવાદ  ૧૯૩૭નવજીવન  ;
- ભરત ક ,૧૫૮ ”ભાગ્ય મુદ્રા“ ,”ઉત્તર ગુજરાતની કહેવતો“ દવે .GIDG-01, Highway, Mahesana-2